**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૮ ટકા

# આજે સંક્રાતિઃ સૂર્ય વૃષભમાં બિરાજમાન થશે

## વૈશાખ મહિનાનું સંક્રાંતિનું પર્વ ૧૫મી મે, અક્ષય પુણ્યના શુભ મુહૂર્તમાં કલાકનો પુણ્યકાળ રહેશે

### આ વસ્તુઓનું દાન કરવુંઃ

જરૂરિયાતમંદ લોકોને ખાવા-પીવાની ચીજવસ્તુઓનુ દાન કરવું જોઈએ. આ દિવસે કપડાં, ચપ્પલ અને જૂતાનું દાન કરો. સાથે જ ગાયને ઘાસ પણ ખવડાવવું જોઈએ. સૂર્યપૂજાના આ તહેવાર પર સૂર્ય સંબંધિત વસ્તુઓ જેમ કે તાંબાના વાસણ, લાલ કપડા, ઘઉં, ગોળ, લાલ ચંદન વગેરેનું દાન કરો. આ દિવસે તમારી આસ્થા અનુસાર આમાંથી કોઈપણ વસ્તુનું દાન કરી શકાય છે. આ દિવસે ભોજનમાં પણ મીઠાનો ઉપયોગ કરવો જોઈએ.



ગાંધીનગર.તા.૧૪

વૈશાખ મહિનાનું સંક્રાંતિનું પર્વ ૧૫મી મે, સોમવારના રોજ છે. આ દિવસે સવારે ૧૧.૫૮ વાગ્યે સૂર્ય ઉચ્ચ રાશિ છોડીને વૃષભ રાશિમાં પ્રવેશ કરશે, તેથી તે 'વૃષ સંક્રાંતિ'નો તહેવાર હશે. આ પર્વ પર વહેલી સવારે તીર્થયાત્રા કરીને ઉગતા સૂર્યને જળ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ દિવસ દરમિયાન જરૂરિયાતમંદ લોકોને ભોજન, પાણી અને કપડાનું દાન કરવામાં આવે છે.

સ્નાન, દાન માટે લગભગ ૭ કલાકનો પવિત્ર સમય આ દિવસે, ભગવાન સૂર્યની પૂજા સાથે, તીર્થ સ્નાન અને દાન માટેનો શુભ સમય સૂર્યોદયથી એટલે કે સવારે ૬.૦૫ થી ૧૧.૫૮ સુધી રહેશે. જરૂરિયાતમંદ લોકોને ખાવા-પીવાની ચીજવસ્તુઓનુ દાન કરવું જોઈએ. આ દિવસે કપડાં, ચપ્પલ અને જૂતાનું દાન કરો. સાથે જ ગાયને ઘાસ પણ ખવડાવવું જોઈએ.

સૂર્યપૂજાના આ તહેવાર પર સૂર્ય સંબંધિત વસ્તુઓ જેમ કે તાંબાના વાસણ, લાલ કપડા, ઘઉં, ગોળ, લાલ ચંદન વગેરેનું દાન કરો. આ દિવસે તમારી આસ્થા અનુસાર આમાંથી કોઈપણ વસ્તુનું દાન કરી શકાય છે. આ દિવસે ભોજનમાં પણ મીઠાનો ઉપયોગ કરવો જોઈએ.

આ રીતે, તમને સ્નાન અને દાન માટે લગભગ ૬ કલાકનો શુભ સમય મળશે. આ પ્રસંગે ભગવાન સૂર્યની વિશેષ પૂજા કરવાનો નિયમ છે.

સંક્રાંતિ પર કરવામાં આવેલાં શુભ કાર્ય અનેક ગણું પુણ્ય આપે છે. જેનો ક્યારેય અંત આવતો નથી.

### સંક્રાતિ પર આ કરવુંઃ

સોમવારે સૂર્યોદય પહેલાં જાગીને સ્નાન કરો અને પછી સૂર્યને જળ અર્પિત કરો. આ માટે તાંબાના વાસણનો ઉપયોગ કરો. એક વાસણમાં શુદ્ધ પાણી ભરીને તેમાં ચોખા, લાલ ચંદન અને લાલ ફૂલ મૂકી સૂર્યને અર્ધ્ય ચઢાવો. જળ અર્પણ કર્યા પછી, વ્યક્તિએ ભક્તિ અનુસાર અન્ન, પાણી, વસ્ત્રો અને અન્ય વસ્તુઓનું દાન કરવાની પ્રતિજ્ઞા લેવી જોઈએ અને પછી દાન કરવું જોઈએ. વૈશાખ માસમાં જ્યારે સૂર્ય વૃષભ રાશિમાં પ્રવેશ કરે છે ત્યારે તેના ગર્ભ સ્વરૂપની પૂજા કરવી જોઈએ. તેઓ કપિલવર્ણના છે. એટલે કે જેઓ આછા પીળા અને ચળકતા તાંબાના રંગના હોય છે. અથવા ઉગતા સૂર્યની પણ આ જ સ્વરૂપે પૂજા કરી શકાય છે. તેમની શક્તિ મહાકાલી છે, એટલા માટે કહેવાય છે કે જળ ચઢાવવાથી અને ગભસ્તિક સૂર્યની પૂજા કરવાથી શત્રુઓ પર વિજય મળે છે.

# બોરીજ ખાતે જરૂરીયાતમંદોને કપડાંનું વિતરણ કરવામાં આવ્યું



બોરીજ ખાતે વણઝારાવાસમાં રહેતા શ્રમિકોના બાળકોને કપડાઓનું વિતરણ રેખાબેન પ્રમોદભાઈ દવે અને પ્રમોદભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત તમામ નાના ભૂલકાઓને સ્વચ્છતા જાળવવા માટે, ઘરમાં સ્કૂલમાં તેમજ બાગ બગીચામાં જતા હોય ત્યાં કેવી રીતે સ્વચ્છતા જાળવી તે અંગેના માહિતી આપી હતી અને તમામને બિસ્કીટ અને ચોકલેટથી મોં મીઠું કરાવ્યું હતું. જેમાં સહભાગી તરીકે વિલાસબેન સુરેન્દ્રભાઈ પટેલ તરફથી નાણાકીય સહયોગ પ્રાપ્ત થયો હતો.

# સિવિલમાં શબવાહિની હોવા છતાં પણ ખાનગી વાહનમાં મૃતદેહ લાવવો પડ્યો

## વીઆઇપીની સેવામાં ખડેપગે રહેતું તંત્ર નાગરિકોને ભગવાન ભરોસે મુકે છે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલમાં એમ્બ્યુલન્સ અને શબવાહિની બાબતે દર્દીઓને અનેક વખત હેરાન થવાનો વારો આવ્યો છે. ખાનગી એમ્બ્યુલન્સને ફાયદો કરાવવાના ચક્કરમાં સિવિલમાં શબવાહિની અને એમ્બ્યુલન્સ હોવા છતા ના પાડી દેવામાં આવે છે. ત્યારે શુક્રવારે સેક્ટર-૨માંથી એક યુવતીનો મૃતદેહ લાવવા માટે સિવિલમાં ફોન કરાયો હતો. તે સમયે શબવાહિની અને ડ્રાઈવર હોવા છતા ના પાડી દેવામાં આવી હતી. જેને લઈને મૃતદેહને ખાનગી વાહનમાં પીએમ કરાવવા સિવિલમાં લાવવો પડ્યો હતો.

ગાંધીનગરની સિવિલમાં વીવીઆઈપીનો ફોન આવે તો તંત્ર દોડતુ થઈ જાય છે. તમામ કામ એક તરફ મુકી વીવીઆઈપીની સરભરામાં લાગી જાય છે. પરંતુ સામાન્ય વ્યક્તિ સારવાર મેળવવા જાય તો તેને ધક્કાખાવા પડતા હોય છે. શહેરના સેક્ટર ૨માં રહેતા નાગરિકને સિવિલનો કડવો અનુભવ થયો છે. શુક્રવારે બપોરના સમયે સેક્ટર ૨માં એક યુવતીનુ મોત થતા તેના મૃતદેહને સિવિલમાં પીએમ કરાવવા લઈ જવાનો હતો. જેથી સિવિલમાં ફોન કરવામાં આવ્યો હતો. તે સમયે શબવાહિની અને ડ્રાઈવર હોવા છતા હાલમાં વાહન નથી તેમ જણાવી દેવામાં આવ્યુ હતુ. એક તરફ ઘરે અવસાન થયુ હોવાથી રોકકળ ચાલતી હતી અને બીજી તરફ પોલીસ મૃતદેહ સિવિલમાં પહોંચાડવા માટે આજીજી કરી હતી. પરંતુ શબવાહિની બાબતે ના પાડતા આખરે પરિવારને યુવતીનો મૃતદેહ ખાનગી વાહનમાં લાવવાની ફરજ પડી હતી. સિવિલમાં અગાઉ પણ મૃતદેહને ખુલ્લા ખાનગી વાહનમાં લાવવા પડ્યા હોવાના દાખલા બનેલા છે. ઉલ્લેખનિય છેકે, સિવિલમાં સરકારી વાહન બાબતે ના પાડી દેવામાં આવે છે અને બીજી તરફ ખાનગી એમ્બ્યુલન્સને ભાડુ મળે તે માટે તેનુ સૂચન પણ સિવિલના જ ડ્રાઈવર કરતા હોવાનુ સામે આવ્યુ છે. આ બાબતે સિવિલ તંત્ર મોતનો મલાજો જાળવવામાં સફળ રહે તેવી નાગરિકો આશા રાખી રહ્યા છે.

## ધ કેરલા સ્ટોરી ફિલ્મ બતાવવાનું આયોજન

દરેક બહેન - દિકરીઓએ માટે જોવાલાયક અને સમજવા લાયક ફિલ્મ સંસ્થાઓ જેવી કે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ, રાષ્ટ્રીય મહિલા પરિષદ, ઓજસ્વિની તરફથી તા. ૧૫-૦૫-૨૦૨૩, સોમવારના રોજ આર વર્લ્ડ સિનેમા, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ૧૮ થી ૩૦ વર્ષની સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરતી દિકરીઓને ધ કેરલા સ્ટોરી પિક્ચર ફ્રી બતાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે રિપોર્ટીંગ સમય સવારે ૧૦.૧૫ ક્લાકનો રહેશે. આધાર કાર્ડની નકલ સાથે લાવવાની રહેશે. વિશેષ માહિતી તેમજ ઉપસ્થિતિ માટે સુરેન્દ્રસિંહ રાજપુત - મો. ૮૪૦૧૯૭૩૦૬૭, સચિન ઠક્કર - મો. ૯૭૨૩૨૩૫૬૭૮, અમૃતભાઈ ઠક્કર - ૯૮૨૫૨૮૨૭૮૭, હિતેશભાઈ દરજી - મો. ૯૯૯૮૦૭૯૬૨૭, ભદ્રેશભાઈ પ્રજાપતિ - ૯૭૧૪૬૦૫૮૫૮, સુરેશભાઈ પટેલ - મો. ૯૮૨૫૨૫૮૫૧૧ નો સંપર્ક કરવાનો રહેશે.

# જામી છે નવી તરેહની ચોપાટ, આ શહેરમાં આપણી આસપાસ..!!

## ગાંધીનગરના આઇટી પ્રોફેશનલ યુવાને વિદેશની સફળ કારકિર્દી ત્યજીને "ઓફલાઇન" મોજને વ્યવસાય બનાવી : યુવાનોનો "સ્કિન ટાઇમ" ઘટાડી આપવા સાથે મિત્રો સાથે સીધા કનેક્ટ થવાની તક પુરી પાડતો ગુજરાતમાં સૌથી વધુ ૫૦૮ બોર્ડ ગેમ્સ ધરાવતો બોર્ડ ગેમિંગ સ્ટુડિયો શરૂ કર્યો જેમાં પોતાની રશિયન પત્નિ અને મિત્રનો પણ સાથ મેળવી રહ્યો છે

ગાંધીનગર, તા. ૧૪

આજકાલ આપણી ચોતરફ તરૂણો અને યુવાઓમાં કેટલીક બાબતો સામાન્ય જોવા મળે છે જેમાં એક તો વિદેશ અભ્યાસ અને વિદેશમાં કારકિર્દી ઘડતરનું સ્વપ્ન અને બીજું આ પેઢીને લાગેલું સોશિયલ મિડીયાનું ભારે વળગણ. લગભગ વ્યસન જ કહી શકાય તે રીતે યુવાઓ મોબાઇલ સ્કિન પર




સમય વ્યતિત કરતાં જોવા મળે છે જેના કારણે તેમને અનેક પ્રકારની શારિરીક અને માનસિક સમસ્યાઓ પણ સર્જાય છે અને છેવટે માનસિક તણાવમાં વધારો થવા સાથે નિરાશા, ચિડિયાપણું, નિષ્ફળતાની બીક, લઘુતાગ્રંથી, એકલતા વગેરે વધવા પામે છે અને તેના કારણે ધુમ્રપાનથી માંડીને દારૂ કે ડ્રગ્સના વ્યસનના સંકજામાં સપડાઇ જવું કે હારીને આત્મહત્યા કરી બેસવા જેવી સમસ્યાઓનો ભોગ બને છે.

જોકે ગાંધીનગરમાં એક યુવાન એવો પણ વસે છે જે આઇટી પ્રોફેશનલ હોવા સાથે રશિયા જેવા દેશમાં સારો એવા પ્રોજેક્ટ્સ સાથે સફળ કારકિર્દી ધરાવતો હતો અને રશિયન મૂળની યુવતી સાથે પ્રેમલગ્ન પણ કરવા છતાં પોતાના પરિવાર સાથે બધુ સમેટીને ગાંધીનગર સ્થાયી તો થઇ ગયો છે અને સાથે સાથે આઇટીના વ્યવસાયને તિલાંજલિ આપીને શહેરના તરૂણો-યુવાઓથી માંડીને અન્ય નાગરિકો પણ મોબાઇલ સ્કિનને છોડી સોશિયલ મિડીયાના વળગણથી મુક્ત બને તે માટે મદદરૂપ થતી જુના જમાનાની ચોપાટ કે વાઘબકરી જેવી રમતો જેવી પરંતુ અત્યાધુનિક બોર્ડ ગેમ્સના રાજ્યભરમાં સૌથી મોટા ખજાના સાથે તેણે શહેરમાં ગેમિંગ સ્ટુડીયો શરૂ કર્યો છે. ગૌરવ રાવલ નામના આ યુવાનને તેના જેવી જ વિચારધારા ધરાવતા જીલ માવાણી નામના એરોસ્પેસ એન્જિનિયરનો પણ સાથ મળ્યો છે અને બંને મળીને શહેરના પરિવારોના સંતાનોનો સરેરાશ "સ્કિન ટાઇમ" ઘટાડી આપવા સાથે તેમને મિત્રો સાથે "ઓફલાઇન" કનેક્ટ થવાની મોજ પુરી પાડી સંબંધોમાં સુવાસ પ્રસરાવવાનું કાર્ય કરી રહ્યાં છે.








ગાંધીનગર તાલુકાના મોટા ઇસનપુર ગામના મૂળ વતની એવા ગૌરવ રાવલના પિતા અનિલભાઇ રાવલ ફાર્માસિસ્ટ હોવા સાથે છત્રાલમાં ખાનગી કંપનીમાં કાર્યરત હોવા સાથે માતા ભારતીબેન અમદાવાદમાં સિવિલ હોસ્પિટલના હેડ નર્સ હોવાથી પરિવાર અમદાવાદમાં સ્થાયી થયો હતો જ્યાં ગૌરવ રાવલનો જન્મ અને ઉછેર થયો હતો. ગૌરવે આઇટી ક્ષેત્રે એન્જિનિયરિંગ કર્યુ અને રશિયાની આઇટી કંપની સાથે પ્રોજેક્ટ કર્યો જે પછી તેમનું કાર્ય રશિયન કંપનીઓ સાથે વધતું ગયું અને રશિયામાં તેમના એક પછી એક પ્રોજેક્ટ્સ વધતાં ગયાં જેના પગલે તેઓ વારંવાર રશિયામાં અવરજવરથી શરુ કરીને સેન્ટ પિટ્સબર્ગ શહેરમાં વસવાટ પણ કરવા લાગ્યાં હતાં. ગૌરવને સતત કોમ્પ્યુટર અને મોબાઇલ પર કામ કરવું પડતું હતું તેમાંથી રિલેક્સ થવા તેમને "ઓફલાઇન" બોર્ડ ગેમ્સ રમવાનું ગમતું હતું અને આ શોખને કારણે તેઓ મોંઘી કહેવાતી બોર્ડ ગેમ્સ પણ વસાવતાં રહેતાં હતા. રશિયાના કાર્ય દરમ્યાન વર્ષ ૨૦૧૦માં તેઓ પોલિટિકલ ઈકોનોમિક્સમાં માસ્ટર ડિગ્રી ધરાવતી અને બેક્રમાં નોકરી કરતી "આજ્ઞા માઝુર"નામની રશિયન યુવતી સાથે પરિચયમાં આવ્યાં હતાં આજ્ઞા પણ બોર્ડ ગેમ્સના ચાહક હોવા સાથે ભારતીય સંસ્કૃતિથી ખુબ પ્રભાવિત હોવાથી બંનેનો મનમેળ વધતો ગયો અને ધીમે ધીમે પ્રેમમાં પરિવર્તિત થયો હતો. વર્ષ ૨૦૧૪માં ગૌરવે માતા-પિતાની સંમતિથી મોટા ઈસનપુર ગામના મંદિરના સંકુલમાં આજ્ઞા સાથે ધામધૂમથી વિધિવત્ લગ્ન કર્યા ત્યારે ગામના મુરતિયાની રશિયન કન્યાને નિહાળવા આખું ગામ ઉમટ્યું હતું. આ પછી બંનેની રશિયા ખાતે અવરજવર તો ચાલુ જ હતી અને તેમણે ગાંધીનગરના કુડાસણમાં પણ પોતાનું ઘર કર્યુ હતું. આજે બંનેને ૬ વર્ષની દિકરી નંદિની અને ૨ વર્ષનો દિકરો તન્મય એમ બે સંતાનોનો સુખી પરિવાર છે અને અત્યારે સંતાનોના સારા ઉછેરમાં વ્યસ્ત આજ્ઞા પણ બાળકો મોટા થતાં જ ગીરવના ગેમિંગ સ્ટુડીયોમાં સાથ આપવાનું નિર્ધારિત કરી ચુકી છે. આર્થિક રીતે સારા એવા સેટલ થઇ ચુકેલાં ગૌરવ રાવલને લાંબા સમય સુધી કોમ્પ્યુટર પર બેસીને કામ કરવાનો કંટાળો આવવા લાગ્યો હતો તેથી આઇટી પ્રોફેશનલ તરીકે તેમણે પોતાનો સફળ વ્યવસાય સમેટવાનું મન બનાવી લીધું અને તેમના આ નિર્ણયમાં તેમના પત્નિ આજ્ઞાએ પણ સાથ આપ્યો હતો. પોતાની સમસ્યાને પગલે તેમણે હવે અન્ય વ્યક્તિઓ પણ કોમ્પ્યુટર-મોબાઇલ સ્કિનના વળગણમાંથી મુક્ત બને અને એકબીજા સાથે ઓફલાઇન વધુ સોશિયલી કનેક્ટ થાય તે હેતુ સાથે પોતાની બોર્ડ ગેમ્સના સહારે ગેમિંગ સ્ટુડિયો શરૂ કરવાનું નક્કી કર્યુ.બોર્ડ ગેમ્સના સરખાં શોખને કારણે પરિચયમાં આવીને મિત્ર બનેલા મૂળ જુનાગઢના અને ૨૦૧૧થી ગાંધીનગરમાં પીજીમાં સિંગલ રહીને જોબ કરતાં જીલ માવાણીએ તેમને સાથ આપવાની તૈયારી દર્શાવી. જીલના માતા તબીબ હોવા સાથે પિતા પણ મેડિકલ લાઇન સાથે સંકળાયેલા છે. જીલ માવાણીએ ડી એન્ડ ડી લેબમાં પોતાનું સ્ટાર્ટ અપ ઓપન કર્યુ હતું. બંને મિત્રોએ સાથે મળીને વર્ષ ૨૦૨૨માં ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં "શુડોન" નામથી બોર્ડ ગેમ્સનો ગેમિંગ સ્ટુડીયો શરૂ કર્યો છે જ્યાં અત્યારે ગાંધીનગર અને અમદાવાદ સહિતના આસપાસના વિસ્તારની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ-પ્રાધ્યાપકોથી માંડીને આઇટી કંપની ટીસીએસ સહિત ઈન્ફોસિટી અને ગિફ્ટસિટીની અનેક ખાનગી કંપનીઓના કર્મચારીઓ પોતાનો સરેરાશ "સ્કિન ટાઇમ" ડાઉન કરવા અને કામ કે અભ્યાસના તણાવને દૂર કરવા આવે છે અને કલાકો સુધી મોબાઇલ બાજુ પર મુકીને મિત્રો સાથે બોર્ડ ગેમ્સની મોજ માણે છે. આ ગેમિંગ સ્ટુડીયોમાં ગૌરવ રાવલે આખા રાજ્યમાં કોઇ ગેમિંગ કાફેમાં ના હોય તેટલી અધધ... ૫૦૮ ગેમ્સનો ખજાનો મુક્યો છે જેમાં એકમેકથી ચડિયાતી આ રમતો બૌદ્ધિક ક્ષમતા વધારવા સાથે ટીનએજર્સ-યંગસ્ટર્સને મોબાઇલ સ્કિનથી દૂર રાખીને ઓનલાઇન સોશિયલ મિડીયાને બદલે પોતાના મિત્રો સાથે ઓફલાઇન સોશિયલી કનેક્ટ કરે છે. ગૌરવનું માનવું છે કે "યુવાનો માટે થિયેટર, સિનેમા કે બોલિંગ-પુલ ગેમ્સથી વધુ કોઇ મનોરંજનના વિકલ્પ નથી મળતાં, તેના બદલે તેઓ અહીં મિત્રો કે પરિવારજનો સાથે વધુ આનંદ કરી શકે છે અને પોતાની જાતને વધુ તણાવમુક્ત રાખી શકે છે." પ્રતિભાવો આવકાર્ય

samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



પ્રો. અમૃત ચૌધરી
મો. ૯૮૨૫૧૭૨૮૧૮



શ્રીમતી સુરેખા અમૃત ચૌધરી
મો. ૯૩૭૭૪૨૦૯૫૧



શંકરભાઈ ચૌધરી



સુરેશ પારઘી
મો. ૯૪૨૬૫ ૦૭૧૦૮



ડો. પ્રિ. પ્રફુલ્લા બ્રહ્મભટ્ટ
મો. ૯૪૨૭૩ ૯૯૯૩૨



કશ્યપ નિમાવત
ટ્રસ્ટી - સૌરાષ્ટ્ર કચ્છ સમાજ
મો.૮૪૦૧૦ ૮૮૬૮૭



વિરેન અનિરુદ્ધ
મો. ૭૦૧૬૩ ૬૯૦૪૩



કુ. શ્રીયા સાધન બિશ્વાસ



ઋતુરાજસિંહ પ્રતાપસિંહ પરમાર
મો. ૮૧૨૮૭૦૨૭૨૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક